Royal College of Anaesthetists

# એનેસ્થેટિક્સ – જોખમો અને આડઅસરો

# ગળામાં દુખાવો

## આ પત્રિકા વિશે

આ પત્રિકા **સામાન્ય એનેસ્થેસિયા પછી ગળામાં દુખાવો** થવા વિશે છે. જો તમને જનરલ એનેસ્થેટિક આપવામાં આવે તો આ એક આડઅસર તમે અનુભવશો. તે ગળામાં દુખાવાના કારણો અને તેના વિશે શું કરી શકાય તે સમજાવે છે.

જનરલ એનેસ્થેટિક્સ એવી દવાઓ છે જે ગાઢ ઊંઘ જેવી અવસ્થાની અનુભૂતિ આપે છે. તે કેટલાક ઓપરેશન અને પ્રક્રિયાઓ માટે અનિવાર્ય છે. જનરલ એનેસ્થેટિક દરમિયાન, તમે બેભાન હશો અને કંઈપણ અનુભવી શકતા નથી.

તમે વિવિધ પ્રકારના એનેસ્થેટિક્સ વિશે વધુ વિગતો અમારી વેબસાઇટ પર વાંચી શકો છો જે અહીં વિવિધ ભાષાઓમાં ઉપલબ્ધ છે: www.rcoa.ac.uk/patientinfo/translations#languages.

## તે કેવું લાગે છે?

- તમને ગળામાં થોડી અગવડતા અથવા વધુ તીવ્ર દુખાવો થઈ શકે છે.
- ગળામાં દુખાવો સામાન્ય રીતે 24-48 કલાક સુધી રહે છે.
- તમારો અવાજ કર્કશ હોઈ શકે છે.
- તમારું ગળું ખૂબ સુકાઈ શકે છે.

## આવું થવાની શક્યતા કેટલી છે?

એની કેટલી શક્યતા છે તે તમારા એનેસ્થેટિસ્ટ કયા સાધનોનો ઉપયોગ કરે છે તેના પર આધાર રાખે છે.

દર **100** લોકોમાંથી



**20 થી 40** એ કર્યું

**60 થી 80** ન હતા

આ આંકડા સંશોધન અભ્યાસોમાંથી લેવામાં આવ્યા છે. તમે અમારી વેબસાઇટ પર જોઈ શકો છો કે અમને આ નંબર ક્યાંથી મળ્યા છે: www.rcoa.ac.uk/patientinfo/risks/evidence.

## એનેસ્થેસિયા પછી ગળામાં દુખાવો શા માટે થાય છે?

કેટલાક એનેસ્થેટિક ગેસ અને દવાઓ તમારા ગળાને સૂકવી શકે છે.

સામાન્ય એનેસ્થેસિયા દરમિયાન એનેસ્થેટિસ્ટ જે સાધનોનો ઉપયોગ કરે છે તેમાંથી કેટલાક તમારા ગળામાં બળતરા પેદા કરી શકે છે.

સામાન્ય એનેસ્થેશિયા દરમિયાન, તમારા શરીરના સ્નાયુઓ, જેમાં તમારા ગળા અને છાતીના આસપાસના સ્નાયુઓ પણ ઢીલા પડી જાય છે. આનાથી તમારા ફેફસાંમાં પ્રવેશતી હવાનું પ્રમાણ ઘટી શકે છે.

તમારા ફેફસાંમાં ઓક્સિજનનો સતત પ્રવાહ સુનિશ્ચિત કરવા માટે, એનેસ્થેટિસ્ટ તમારા ગળામાં શ્વાસ લેવાની નળી મૂકી શકે છે જેથી તમારા વાયુમાર્ગ ખુલ્લા રહે. તેઓ સામાન્ય રીતે આ તમે બેભાન થયા પછી કરવામાં આવે છે.

જ્યારે તમે બેભાન હોવ ત્યારે તમારા એનેસ્થેટિસ્ટ જે ટ્યુબ અથવા માસ્કનો ઉપયોગ કરે છે તે તમને ગળામાં દુખાવો કરી શકે છે કારણ કે:

- જ્યારે તેને અંદર મૂકવામાં આવે અથવા કાઢવામાં આવે ત્યારે તે તમારા ગળામાં બળતરા કરી શકે છે
- કેટલીક ફૂલાવી શકાય અને જ્યારે તે ફૂલે છે ત્યારે તમારા ગળા પર દબાણ કરી શકે છે. આનાથી અગવડતા થઈ શકે છે.

એનેસ્થેસિયા દરમિયાન તમારા વાયુમાર્ગ અને શ્વાસ વિશે વધુ માહિતી અમારી વેબસાઇટ પર છે, જે વિવિધ ભાષાઓમાં અહીં ઉપલબ્ધ છે. **www.rcoa.ac.uk/patientinfo/translations#languages**.

## શું મદદ કરી શકે?

તમે પીડા રાહત માટે આઇબુપ્રોફેન અથવા પેરાસીટામોલ નો ઉપયોગ કરી શકો છો. તમારે તમારા ડૉક્ટર અથવા ફાર્માસિસ્ટ સાથે તપાસ કરવી જોઈએ કે તમારા માટે કઈ પીડા રાહત શ્રેષ્ઠ છે. ઘરે જતા પહેલા તમારી હોસ્પિટલ તમને દુખાવાની દવા પણ આપી શકે છે.

## ક્યારે મદદ લેવી

- જો એનેસ્થેસિયાના એક અઠવાડિયા પછી દુખાવો વધુ ખરાબ થાય અને તમને ગળવામાં તકલીફ થાય, તો તમારે તમારા ડૉક્ટર અથવા નર્સને મળવું જોઈએ અથવા ફાર્મસીની સલાહ લેવી જોઈએ.
- જો, કોઈપણ સમયે, તમને શ્વાસ લેવામાં તકલીફ પડે અથવા ખાંસીમાંથી લોહી નીકળે, તો તમારે વધુ સલાહ માટે તાત્કાલિક તમારા GP અથવા એનેસ્થેટિસ્ટનો સંપર્ક કરવો જોઈએ.

## અસ્વીકરણ

અમે આ પત્રિકામાંની માહિતીને સચોટ અને અદ્યતન રાખવા માટે ખૂબ જ પ્રયત્નો કરીએ છીએ, પરંતુ અમે તેની ખાતરી આપી શકતા નથી. અમે અપેક્ષા રાખતા નથી કે આ સામાન્ય માહિતી તમારી તમામ શંકાઓને આવરી લેશે અથવા તમારા માટે મહત્વપૂર્ણ હોય શકે તેવી દરેક વસ્તુ સાથે વ્યવહાર કરશે. માર્ગદર્શિકા તરીકે આ પત્રિકાનો ઉપયોગ કરીને તમારે તમારી પસંદગીઓ અને તમારી કોઈપણ ચિંતાઓ વિશે તમારી તબીબી ટીમ સાથે ચર્ચા કરવી જોઈએ. આ પત્રિકા તેના પોતાના પર સલાહ તરીકે ગણવામાં આવવી જોઈએ નહીં. તેનો ઉપયોગ કોઈપણ વ્યાપારી અથવા વ્યવસાયિક હેતુ માટે થઈ શકતો નથી. સંપૂર્ણ અસ્વીકરણ માટે કૃપા કરીને જુઓ: **www.rcoa.ac.uk/patient-information/translations/gujarati**.

બધા અનુવાદો ટ્રાન્સલેટર્સ વિધાઉટ બોર્ડર્સના અનુવાદક સમુદાય દ્વારા કરવામાં આવ્યું છે. આ અનુવાદોની ગુણવત્તા શક્ય તેટલી સચોટ બનાવવા માટે ચકાસવામાં આવે છે, પરંતુ કેટલીક માહિતીની અચોક્કસતા અને ખોટી અર્થઘટનનું જોખમ રહેલું છે.

# તમે શું વિચારો રહ્યાં છો તે અમને જણાવો

અમે આ પત્રિકામાં સુધારો દર્શાવતા સૂચનોનું સ્વાગત કરીએ છીએ.

જો તમારી પાસે કોઈ ટિપ્પણી છે જે તમે કરવા માંગતા હો, તો કૃપા કરીને તે ઇમેઇલ કરો:
patientinformation@rcoa.ac.uk

**Royal College of Anaesthetists**
ચર્ચિલ હાઉસ, 35 રેડ લાયન સ્ક્વેર, લંડન WC1R 4SG

# www.rcoa.ac.uk

## છઠ્ઠી આવૃત્તિ, નવેમ્બર 2024

પ્રકાશનની તારીખના ત્રણ વર્ષમાં આ પત્રિકાની સમીક્ષા કરવામાં આવશે.

**© 2024 Royal College of Anaesthetists**
આ પત્રિકાની દર્દીની માહિતી સામગ્રીઓ બનાવવાના હેતુથી નકલ કરવામાં આવી શકે છે. કૃપા કરીને આ મૂળ સ્રોતનો ઉલ્લેખ કરો. જો તમે આ પત્રિકાના ભાગનો ઉપયોગ અન્ય પ્રકાશનમાં કરવા માંગતા હો, તો યોગ્ય સ્વીકૃતિ આપવી જોઈએ અને લોગો, બ્રાન્ડિંગ, છબીઓ અને ચિહ્નો કાઢી નાખવા જોઈએ. વધુ માહિતી માટે, કૃપા કરીને અમારો સંપર્ક કરો.